MUMBAI SAMACHAR
શુક્રવાર, તા. ૧૩-૧૦-૨૦૧૭
મુંબઈ સમાચાર



# તલવાર દંપતીના છુટકારાથી ડૉક્ટરો ખુશ, ઘરનોકરો નારાજ

*નોએડા:* અલાહાબાદ વડી અદાલતે તલવાર દંપતીને પોતાની દીકરી આરુષિ અને ઘરનોકર હેમરાજની હત્યાના કેસમાંથી ગુરુવારે છોડી દેતાં અનેક ડૉક્ટરે ખુશી વ્યક્ત કરી હતી, જ્યારે અહીંના અસંખ્ય ઘરનોકરે નારાજગી વ્યક્ત કરી હતી.અમુક ઘરનોકરે આક્ષેપ કર્યો હતો કે તલવાર દંપતી પોતાની વગ વાપરીને છૂટી ગયું છે.ઇન્ડિયન મૅડિકલ એસોસિયેશનના પ્રમુખ ડૉ. કે. કે. અગરવાલે જણાવ્યું હતું કે તલવાર દંપતીને આખરે ન્યાય મળ્યો છે.

એસોસિયેશન ઑફ મૅડિકલ ક્લિનિક્સ ઑફ નોએડાના પ્રતિનિધિ ડૉ. કે. સી. સૂદે જણાવ્યું હતું કે તલવાર દંપતીને શંકાનો લાભ આપીને છોડી દેવાતા હું ખુશ છું.

દેશની રાજધાનીમાં ઘરનોકર તરીકે કામ કરતા નેપાળીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. તેઓમાંના એકે જણાવ્યું હતું કે શ્રીમંતોને છોડી દેવાય છે. નિઠારી કેસમાં પણ (મોનિન્દર સિંહ) પાન્ધેરને છોડી દેવાયા હતા. ગરીબો ન્યાય મળવાની આશા પણ રાખી ન શકે.

અન્ય એક ઘરનોકરે જણાવ્યું હતું કે હેમરાજના સગાંએ તલવાર દંપતીના છુટકારાને ઉપલી અદાલતમાં પડકારવો જોઇએ. (પીટીઆઇ)■

# આરુષિ કેસમાં ક્યાં બફાયું?

## ▶ પોલીસ, સીબીઆઇ, પૉસ્ટ-મૉર્ટમના અહેવાલોએ ગોટાળા સર્જતા રહસ્ય વણઉકેલાયું રહ્યું

*અલાહાબાદ:* અહીંની વડી અદાલતે રાજેશ અને નૂપુર તલવારને પોતાની દીકરી આરુષિ તલવાર અને ઘરનોકર હેમરાજની (બેવડી) હત્યાના ૨૦૦૮ના કેસમાંથી પુરાવાના અભાવે છોડી દીધા હતા.

એક અહેવાલમાં વડી અદાલતને એમ કહેતા ટાંકવામાં આવી હતી કે સીબીઆઇ સંજોગને લગતી રજૂઆત ઉપરાંતના નક્કર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગઇ છે.

આ કિસ્સામાં પોલીસે સર્જેલો કહેવાતો ગૂંચવાડો અને વિવિધ તપાસ એજન્સીના વિરોધાભાસી અર્થઘટનને લીધે સમસ્યા વધુ ગૂંચવણભરી બની હોવાનું કહેવાય છે.પુરાવા નહિ સાચવવા બદલ નોએડા પોલીસની આકરી ટીકા કરાઇ હતી.

સીબીઆઇના ખાસ તપાસ એકમે ૨૦૦૮ની ૩૧મી મેએ નોએડા પોલીસ પાસેથી આ કેસ સંભાળી લીધો હતો, પરંતુ તેની શોધખોળના તારણ વિરોધાભાસી હતા.બેવડા હત્યાકાંડને લગતી ગૂંચવણ ઊભી કરતા વિરોધાભાસી મુદ્દા નીચે મુજબ છે:

### (૧) સીબીઆઇ અને પોલીસનો વિરોધાભાસ:

ઉત્તર પ્રદેશના કેડર આઇપીએસ અધિકારી જૉઇન્ટ ડિરેક્ટર અરુણ કુમારના નેતૃત્વ હેઠળની સીબીઆઇની સૌપ્રથમ ટીમ અને નોએડા પોલીસના આ કેસને લગતા મંતવ્ય વિરોધાભાસી હતા.

સીબીઆઇએ જણાવ્યું હતું કે હેમરાજના ત્રણ નેપાળી મિત્ર - કૃષ્ણા, રાજ અને વિજયે આરુષિ પર જાતીય હુમલો કર્યો હતો અને તે પછી તેને મારી નાખી હતી. બાદમાં, સાક્ષી હેમરાજને મારી નાખ્યો હતો.

સીબીઆઇએ દાવો કર્યો હતો કે આ ત્રણે જણે નાર્કો ઍનાલિસીસ ટૅસ્ટમાં ગુનો કબૂલ કર્યો હતો, પરંતુ તેમાંના કોઇના ડીએનએ કે આંગળાની છાપ ગુનાના સ્થળેથી નહિ મળતા તેઓને છોડી દેવાયા હતા.

સીબીઆઇએ પછી આ થિયરી પડતી મૂકી હતી અને કુમારે તલવાર દંપતીને બચાવવા પુરાવા સાથે ચેડાં કર્યા હોવાનો આક્ષેપ થયો હતો.

### (૨) તલવારના ફ્લૅટનો બહારનો જાળીવાળો દરવાજો:

તલવાર દંપતીની ઘરનોકરાણી ભારતી મંડલનું નિવેદન મહત્ત્વનું ગણાતું હતું. ભારતીએ જણાવ્યું હતું કે બહારની જાળી નહોતી ખૂલી. નૂપુરે અંદરથી લાકડાનો દરવાજો ખોલ્યો હતો અને કહ્યું હતું કે હેમરાજે દૂધ લેવા જતી વખતે જાળી બંધ કરી દીધી હશે.

નૂપુરે ઘરનોકરાણીને નીચે રહેવા કહ્યું હતું અને ચાવી ફેંકી હતી. ભારતી ચાવી લઇને પાછી આવી હતી.

ભારતીએ જણાવ્યું હતું કે હું પાછી આવી ત્યારે દરવાજાની જાળી ખૂલી હતી. તલવાર દંપતી રડતું હતું અને આરુષીનો મૃતદેહ પડ્યો હતો. નૂપુરે કહ્યું હતું કે જો હેમરાજે શું કર્યું?

સીબીઆઇની થિયરી મુજબ બહારની જાળી ક્યારેય બંધ નહોતી કરાઇ.

બચાવ પક્ષના વકીલે જણાવ્યું હતું કે બહારની જાળી ક્યારેય અંદરથી બંધ નહોતી કરાઇ. સીબીઆઇએ ભારતીને (ખોટું) નિવેદન કરવા કહ્યું હશે.

અગાઉ, ભારતી મંડલે જાળી બંધ હોવાની વાત ઉત્તર પ્રદેશ પોલીસને નહોતી કરી.

રાજેશના ડ્રાઇવર ઉમેશે જણાવ્યું હતું કે હેમરાજના ઘરનો દરવાજો નહોતો ખૂલતો અને તેની આગળ રૅફ્રિજરૅટર રખાયું હતું.
આમ છતાં, ઉત્તર પ્રદેશ પોલીસે હેમરાજની રૂમના દરવાજા પાસે કોઇ રૅફ્રિજરૅટર નહોતું જોયું.

### (૩) હત્યા ખુખરીથી કે ગૉલ્ફ ક્લબથી?:

સીબીઆઇએ હત્યા માટે 'ખુખરી' (ચાકુ) વપરાયું હોવાનો દાવો કર્યો હતો, પરંતુ ફૉરેન્સિક નિષ્ણાતે ગૉલ્ફ ક્લબ જેવું ત્રિકોણાકાર ટોચકું ધરાવતી કોઇ ચીજ હત્યા માટે વપરાઇ હોવાનો દાવો કર્યો હતો.

રાજેશ પાસે ૧૨ ગૉલ્ફ ક્લબનો સૅટ હતો અને તેમાંની બે ક્લબ 'વધુ પડતી સાફ કરાયેલી' જણાતી હતી.

સીબીઆઇની તપાસ ટીમે આક્ષેપ કર્યો હતો કે રાજેશે હેમરાજ અને આરુષિને ગૉલ્ફ ક્લબથી માર્યા હતા. આમ છતાં, હેમરાજના રૂમમાં એક જ ગૉલ્ફ ક્લબ દેખાઇ હતી અને બીજી ગુમ હતી. બાદમાં, નૂપુર અને ડૉ. અજય ચઢ્ઢાને આ ક્લબ માળિયામાંથી મળી હતી.

### (૪) પૉસ્ટ-મૉર્ટમ અંગે પણ શંકા:

પૉસ્ટ-મૉર્ટમ કરનારા ડૉ. સુનીલકુમાર દોહરેએ જણાવ્યું હતું કે આરુષિનો યોનિમાર્ગ પહોળો થયેલો હતો અને તેમાં સફેદ 'ડિસ્ચાર્જ' દેખાયો હોવાથી કોઇએ તેને સાફ કરવા પ્રયાસ કર્યો હોય એવું લાગતું હતું.

આમ છતાં, ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સીસ (એઇમ્સ) ખાતે ફૉરેન્સિક નિષ્ણાતો, સીએફએસએલ અને મૅડિકલ ઑફિસર્સ દ્વારા તૈયાર કરાયેલા ૧૮ પાનાંના અહેવાલમાં આ વાતનો ઉલ્લેખ નહોતો.

### (૫) તકિયો, તકિયાની ખોળ અને ટાઇપમાં ભૂલ:

હેમરાજના રૂમમાંથી મળેલી તકિયાની ખોળ કે કવર અંગે પણ વિવાદ થયો હતો.

સીબીઆઇએ ૨૦૦૮ની ચોથી જૂને પોતાના અહેવાલમાં કહેવાતી 'ભૂલ'થી લખ્યું હતું કે તકિયાની આ ખોળ આરુષિના રૂમમાંથી મળી હતી.

રાજેશના સહાયક કૃષ્ણાના ઘરમાંથી ૨૦૦૮ની ૧૪મી જૂને તકિયાની જાંબલી રંગની ખોળ મળતા અન્ય વિવાદ સર્જાયો હતો.

તકિયાને અને તકિયાની જાંબલી ખોળને હૈદરાબાદના ડીએનએન ફિંગરપ્રિન્ટિંગ અને ડાયેગ્નૉસ્ટિક્સ ખાતે મોકલાયા હતા.

તલવાર દંપતીએ ૨૦૧૧ના માર્ચમાં આ મુદ્દો અલાહાબાદ વડી અદાલતમાં ઉઠાવ્યો ત્યાં સુધી આ બાબતમાં લગભગ ચુપકીદી સેવાઇ હતી.

સીબીઆઇના વકીલે આ કિસ્સાને 'ટાઇપૉગ્રાફિકલ' (છાપકામ)ની ભૂલ ગણાવી હતી અને આ બે ચીજની વિગતની અદલાબદલી થઇ હોવાનો દાવો કર્યો હતો.

પરીક્ષણના સુધારેલા કહેવાતા પરિણામમાં જણાવ્યું હતું કે હેમરાજના તકિયા અને તેની ખોળ પર તેના જ ડીએનએ હતા.બચાવ પક્ષના વકીલોએ સીબીઆઇ દ્વારા પુરાવા સાથે ચેડાં કરાયા હોવાનો આક્ષેપ કરાયો હતો.

# સીબીઆઇ ચુકાદાને સુપ્રીમમાં પડકારશે

*નવી દિલ્હી:* અલાહાબાદ હાઇ કોર્ટે ગુરુવારે આરુષી હત્યાકાંડ કેસમાં તલવાર દંપતીને શકને આધારે નિર્દોષ જાહેર કર્યા હતા અને એમને તુરંત જ જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. અલાહાબાદ હાઇ કોર્ટના આદેશને સીબીઆઇ સુપ્રીમ કોર્ટમાં પડકારવાનું નક્કી કર્યું છે. તલવાર દંપતીના વકીલ તનવીર અહમદ મીરે જણાવ્યું હતું કે તલવાર દંપતી શુક્રવાર પહેલા ગાઝીયાબાદની જેલમાંથી બહાર નીકળી નહી શકે. કોર્ટે આપેલા નિર્ણયનો આદેશ બહાર પડવો જોઇએ અને એ આદેશની કોપી જેલ પ્રશાસન સુધી પહોંચતા આટલો સમય તો લાગશેજ. જોકે, એમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે સીબીઆઇ જો સુપ્રીમ કોર્ટમાં જાય તોય હવે તલવાર દંપતી જેલની બહાર જ રહેશે. અગાઉ સીબીઆઇના વકીલ અનુરાગ ખન્નાએ જણાવ્યું હતું કે સીબીઆઇ વરિષ્ઠ અધિકારીઓની સલાહ લઇને પછી જ સુપ્રીમ કોર્ટમાં જશે. ■

# નિરાંત થઈ, પણ બહુ કપરો સમય જોયો: તલવાર દંપતી

*નવી દિલ્હી:* ન્યાયતંત્રનો આભાર માનતા આરુષિના પિતા રાજેશ તલવારે જણાવ્યું હતું કે પોતાની પુત્રી આરુષિની હત્યાનો નવ વર્ષ ચાલેલા કેસમાં તેઓ બંને માનસીક રીતે નીચવાઇ ગયા છે. ભારતીય વાયુ સેનાના ભૂતપૂર્વ અધિકારી બી.જી. ચિટણીસે જણાવ્યું હતું કે મારી પુત્રી નૂપુર અને જમાઇ રાજેશને જેલના સળીયા પાછળ જોવા એ મારે માટે ખૂબ પીડાજનક સમય હતો.

મારી દીકરી અને જમાઇએ ઘણું દુ:ખ ભોગવ્યું. આરુષિની ફોઇ વંદના તલવારે જણાવ્યું હતું કે લગભગ એક દાયકા ચાલેલા આ કેસને લીધે સમગ્ર તલવાર કુટુંબને ઘણું વેઠવું પડયું હતું. એ સમય ઘણો જ પરીક્ષા અને ત્રાસદાયક હતો. કોર્ટના આદેશ બાદ અમે ન્યાય વ્યવસ્થાના ઘણાં આભારી છીએ.

આ લાંબી મજલમાં અમને ટેકો આપનાર સૌ કોઇનો અમે અત્યંત આભાર માનીએ છીએ. આરુષિ અને નોકર હેમરાજને કોણે માર્યા એ વિશે વંદનાએ જવાબ આપવાનો ઇનકાર કરતા જણાવ્યું હતું કે એનો જવાબ અમારા વકીલો આપશે. (પીટીઆઇ)■

# આરુષિ હત્યાકાંડ: તવારીખ

- ૧૬મી મે, ૨૦૦૮: આરુષિ તલવારનો હત્યા કરાયેલ મૃતદેહ એના બેડરુમમાંથી મળી આવ્યો. ઘરનોકર હેમરાજ પર હત્યાનો શક કરાયો.
- ૧૭મી મે: તલવારના રહેઠાણની ઉપરની અગાસી પરથી હેમરાજનો મૃતદેહ મળી આવ્યો.
- ૧૯મી મે: તલવારના ભૂતપૂર્વ ઘરનોકર વિષ્ણુ શર્માનું નામ શકમંદ તરીકે જાહેર કરાયું.
- ૨૩મી મે: આરુષિના પિતા રાજેશ તલવારની મુખ્ય આરોપી તરીકે ધરપકડ કરાઇ.
- ૧લી જૂન: સીબીઆઇએ તપાસ પોતાના હાથમાં લીધી.
- ૧૩મી જૂન: તલવારના ઘરનોકર કૃષ્ણાની ધરપકડ કરાઇ.
- ૨૬મી જૂન: સીબીઆઇએ આ કેસને બ્લાઇન્ડ કેસ જાહેર કર્યો. ગાઝીયાબાદના સ્પેશિયલ મેજિસ્ટ્રેટે રાજેશ તલવારને જામીન નકાર્યા.
- ૧૨મી જુલાઇ: રાજેશ તલવારને જામીન અપાયા.
- ૨૯મી ડિસેમ્બર: સીબીઆઇએ પોતાનો રિપોર્ટ રજૂ કર્યો. નોકરોને ક્લીન ચિટ અપાઇ, પણ માતાપિતા તરફ અંગુલી નિર્દેશ કર્યો.
- ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૧: સીબીઆઇના રિપોર્ટને ધ્યાનમાં લઇને કોર્ટે આરુષિના માતાપિતા સામે હત્યા અને પુરાવા નષ્ટ કરવાના આરોપનો અભિયોગ દાખલ કરવા જણાવ્યું.
- ૨૧મી ફેબ્રુઆરી: ટ્રાયલ કોર્ટના આરોપ રદ કરાવવા તલવારે અલાહાબાદ હાઇકોર્ટમાં અરજી કરી
- ૧૮મી માર્ચ: અલાહાબાદ હાઇ કોર્ટે તલવારની અરજી ફગાવી.
- નવેમ્બર, ૨૦૧૩: ગાઝીયાબાદની સ્પેશિયલ સીબીઆઇ અદાલતે રાજેશ અને નૂપુર તલવારને બેવડી હત્યા માટે દોષી ઠેરવતા આજીવન કારાવાસની સજા ફટકારી.
- ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭: અલાહાબાદ હાઇ કોર્ટ રાજેશ અને નૂપુરની અરજી પર પોતાનો ચૂકાદો અનામત રાખીને ૧૨મી ઑક્ટોબરે સુનાવણી કરવાની તારીખ આપે છે.
- ૧૨મી ઑક્ટોબર, ૨૦૧૭: અલાહાબાદ હાઇ કોર્ટ આરુષિના માતાપિતાને નિર્દોષ જાહેર કરે છે. (પીટીઆઇ)■



**જ્વાળામુખી** નૈર્ઋત્ય જાપાનના કોગોશીમા અને મિયાઝાકી પ્રાંતને સીમાડે શિન્મોડકે જ્વાળામુખીમાંથી ઊઠી રહેલા ધુમાડા. આ જ્વાળામુખી છેલ્લાં છ વર્ષમાં પ્રથમ વખત ફાટ્યો હતો અને તેને લીધે રાખ અનેક વિસ્તારમાં ફેલાઇ હતી. (એપી-પીટીઆઇ ફોટો)

# પાકિસ્તાનના તોપમારામાં એક જવાન શહીદ, નાગરિકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*શ્રીનગર:* પાકિસ્તાની લશ્કરે ફરી એકવાર અંકુશરેખા પાસેનાં ગામો તેમ જ ચોકીઓ પર કરેલા તોપમારામાં એક ભારતીય જવાન શહીદ થયો હોવા ઉપરાંત એક નાગરિકનું પણ મોત નીપજ્યું હતું.

પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા તોપમારાનો ભારતીય લશ્કરે વળતો જવાબ આપ્યો હતો અને તેમાં પાકિસ્તાનની એક ચોકી નાશ પામી હોવાનો ભારતીય લશ્કર દ્વારા દાવો કરવામાં આવ્યો હતો.

દરમિયાન, અનંતનાગ જિલ્લાના મરહામા સંગમમાં ગુરુવારે આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીર બૅંકની એક શાખામાંથી પાંચ લાખ રૂપિયાની રોકડ રકમ લૂંટી લીધી હોવાના અહેવાલ છે.

સુરક્ષા અધિકારીઓના જણાવ્યાનુસાર પાકિસ્તાની લશ્કર દ્વારા ગુરુવારે સવારે લગભગ સાડાદસ વાગ્યે તોપમારો શરૂ કરવામાં આવ્યો હતો જેનો ભારતીય લશ્કરે જડબાતોડ જવાબ આપ્યો હતો.

સત્તાવાર આંકડા મુજબ આ વરસે પાકિસ્તાન દ્વારા સપ્ટેમ્બર મહિના સુધીમાં ૬૦૦ વખત શસ્ત્રવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. છેલ્લા દસ વર્ષનો આ સૌથી ઊંચો આંકડો છે. (પીટીઆઇ)■

# ઇઝરાયલને નામે યુનેસ્કોમાંથી ખસી ગયું અમેરિકા

*વૉશિંગ્ટન:* સંયુક્ત રાષ્ટ્રસંઘની સાંસ્કૃતિક સમિતિ ઇઝરાયલ-વિરોધી પૂર્વગ્રહ ધરાવતો હોવાનો આક્ષેપ કરી અને સંસ્થામાં મૂળભૂત સુધારાઓ કરવાની જરૂર હોવાનું જણાવી અમેરિકાએ ગુરુવારે યુનેસ્કોમાંથી ખસી જવાની જાહેરાત કરી હતી. ૩૧ ડિસેમ્બર ૨૦૧૮થી આ નિર્ણય અમલી બનશે. ત્યાં સુધી અમેરિકા પૅરિસસ્થિત યુનાઈટેડ નેશન્સ ઍજ્યુકેસનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઑર્ગેનાઇઝેશનનું સંપૂર્ણ કક્ષાનું સભ્ય રહેશે.

અમેરિકાના વિદેશ ખાતાના પ્રવક્તા હીધર નૉઅર્ટે કહ્યું હતું કે આ નિર્ણય હળવાશી લેવામાં નથી આવ્યો અને તે યુનેસ્કો પાસેથી અમેરિકાએ લેવાની બાકી નીકળતી રકમ અંગેની ચિંતા, સંસ્થામાં મૂળભૂત સુધારાની જરૂર અને યુનેસ્કોમાં સતત ઇઝરાયલ-વિરોધી પૂર્વગ્રહ જેવી બાબતોનું પ્રતિબિંબ પાડે છે.

તેમણે કહ્યું હતું કે વિદેશ ખાતાએ ગુરુવારે યુનેસ્કોના ડિરેક્ટર જનરલ એરિકા બૉકોવાને અમેરિકાના આ નિર્ણય અંગે જાણ કરી હતી અને યુનેસ્કોની કામગીરી પર દેખરેખ રાખવા કાયમી નિરીક્ષકની નિમણૂક કરવાની માગણી કરી હતી.

વૈશ્વિક હૅરિટેજની સુરક્ષા, અખબારી સ્વતંત્રતા તેમ જ સાયન્ટિફિક કોલેબ્રેશન અને શિક્ષણને પ્રોત્સાહિત કરવા સહિતના સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા મહત્ત્વના મુદ્દે અમેરિકાનો અભિપ્રાય અને સલાહસૂચન આપવા અમેરિકાએ યુનેસ્કોના નૉન મેમ્બર નીરિક્ષક તરીકે ચાલુ રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

અમેરિકાના આ નિર્ણય અંગે બૉકોવાએ ખેદ વ્યક્ત કર્યો હતો. (પીટીઆઇ)■

# પાકમાં આતંકવાદીઓના બાનમાંથી પાંચ વિદેશીની પાંચ વર્ષે મુક્તિ

*ઇસ્લામાબાદ:* અફઘાન તાલિબાન સાથે કડી ધરાવતા આતંકવાદીઓ દ્વારા અપહરણ કરાયાના પાંચ વર્ષ બાદ અમેરિકાની ગુપ્તચર સંસ્થાએ આપેલી માહિતીને આધારે બાનમાં રખાયેલા પશ્ચિમના દેશના ત્રણ બાળક સહિત એક જ પરિવારની પાંચ વ્યક્તિને મુક્ત કરાવવામાં આવ્યા હોવાનું પાકિસ્તાનના લશ્કરે ગુરુવારે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૨માં આતંકવાદીઓ દ્વારા અફઘાનિસ્તાનમાંથી તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેમને બાનમાં રાખવામાં આવ્યા હતા.

પાકિસ્તાનના લશ્કરે એક કેનેડિયન, અમેરિકાનું નાગરિકત્વ ધરાવતી તેની પત્ની અને ત્રણ બાળક સહિત બાનમાં રખાયેલી પશ્ચિમના દેશની પાંચ વ્યક્તિને આતંકવાદીઓની ચુંગાલમાંથી મુક્ત કરાવી હતી, એમ પાક લશ્કર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

અમેરિકાની ગુપ્તચર શાખા અપહરણ કરાયેલા આ લોકોની શોધ ચલાવી રહી હતી. બુધવારે આ લોકોને સરહદી વિસ્તારમાં આવેલા ખુર્રમ આદિવાસી વિસ્તારમાંથી પાકિસ્તાનમાં ખસેડવામાં આવી રહ્યા હતા ત્યારે અમેરિકાની ગુપ્તચર શાખાએ પાક લશ્કરને એ અંગે માહિતી પૂરી પાડી હતી જેને પગલે પાકિસ્તાને કાર્યવાહી આરંભી હતી અને સફળતાપૂર્વક આ પાચંને આતંકવાદીઓની ચુંગાલમાંથી સલામત રીતે છોડાવી લીધા હતા અને તેમને તેમના મૂળ દેશમાં મોકલી આપ્યા હતા.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પણ પાક લશ્કરની આ કામગીરીને વધાવી લીધી હતી. ■

# શિર્ડી ઍરપૉર્ટને સલામતી પૂરી પાડશે સીઆઇએસએફ

*નવી દિલ્હી:* મહારાષ્ટ્રના વિખ્યાત મંદિરના નગરમાં આવેલા અને તાજેતરમાં જ જેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તે શિર્ડી હવાઈમથકને આતંકવાદ તેમ જ ભાંગફોડના ભયથી સુરક્ષા પૂરી પાડવા સીઆઇએસએફનું સશસ્ત્ર સુરક્ષાકવચ પૂરું પાડવામાં આવશે.

સુરક્ષા દળ, બ્યુરો ઑફ સિવિલ ઍવિયેશન સિક્યોરિટી અને હવાઈમથકના સંચાલક જલદી જ સાથે મળીને શિર્ડી હવાઇમથકનું સવેક્ષણ કરશે એમ જણાવતાં સીઆઇએસએફના ડિરેક્ટર જનરલ ઓ. પી. સિંહે સમાચારસંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે આ મામલે તાજેતરમાં જ તેમને વિનંતી કરતો પત્ર મળ્યો હતો. સીઆઇએસએફ હાલ દેશના ૫૯ હવાઈમથકની સુરક્ષા કરે છે. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈથી ૨૩૮ કિમીને અંતરે આવેલા આ હવાઈમથકનું પહેલી ઑક્ટોબરે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉદ્‌ઘાટન કર્યું હતું.

એક અંદાજ મુજબ દરરોજ ૬૦૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓ શિર્ડી સાંઈબાબાનાં મંદિરનાં દર્શન કરવા જાય છે અને આમાંનાં દસથી બાર ટકા લોકો વિમાનપ્રવાસ પર પસંદગી ઉતારશે એવી હવાઈમથકના વ્યવસ્થાપકોની ધારણા છે. (પીટીઆઇ)■

# ભારતમાં ભૂખ, કુપોષણની સમસ્યા અતિ ગંભીર

## ▶ ઉત્તર કોરિયા, બંગલાદેશ, ઈરાકથી પણ પાછળ

*નવી દિલ્હી:* ગ્લૉબલ હંગર ઇન્ડૅક્સ, ૨૦૧૭માં આવરી લેવાયેલા દુનિયાના ૧૧૯ દેશમાં ભૂખ, કુપોષણની સમસ્યામાં ભારતનો ક્રમ ૧૦૦મો છે.

ભારતમાં ભૂખ, કુપોષણની સમસ્યા અતિ ગંભીર ગણાવાય છે. ભારતમાં આ સમસ્યા ઉત્તર કોરિયા, બંગલાદેશ અને ઇરાક જેવા દેશો કરતાં પણ વધુ ખરાબ છે.આમ છતાં, એશિયાના દેશોમાં ભારતનો ક્રમ માત્ર પાકિસ્તાન અને અફઘાનિસ્તાન કરતાં આગળ છે.

ગ્લૉબલ હંગર ઇન્ડૅક્સ, ૨૦૧૪માં ભારતનો ક્રમ ૫૫મો હતો, પરંતુ માત્ર ત્રણ વર્ષમાં તે ૪૫ ક્રમ પાછળ જતું રહ્યું છે અને હવે તેનો ક્રમ ૧૦૦મો છે.

અગાઉની ફૉર્મ્યુલા મુજબ ગ્લૉબલ હંગર ઇન્ડૅક્સનો સ્કૉર ૨૦૦૬થી ૨૦૧૪ સુધી ગણાયો હતો.

નવી ફૉર્મ્યુલામાં 'બાળકોના ઓછા વજન'ને સ્થાને કુપોષણને લીધે 'બાળકોની ઓછી (કુંઠિત) ઊંચાઇ અને વિકાસ' ગણવામાં આવે છે.

આ નિર્દેશાંક મુજબ ભારતના પાંચ વર્ષથી ઓછી વયના એક પંચમાંશ એટલે કે ૨૦ ટકા બાળકોની ઊંચાઇ ઓછી છે અને એક તૃતીયાંશ બાળકો એટલે કે ૩૩ ટકા બાળકોની ઊંચાઇ તેઓની વયની સરખામણીમાં ઓછી કે કુંઠિત થયેલી છે.

ગ્લૉબલ હંગર ઇન્ડૅક્સ, ૨૦૧૭માં ભારતનો સ્કૉર ૩૧.૪ છે અને તે ઘણો ગંભીર ગણાય છે.

ચાલુ વર્ષે ગ્લૉબલ હંગર ઇન્ડૅક્સમાં એશિયાના દેશોનો દેખાવ બહુ જ ખરાબ આવ્યો છે અને તેની નજીક આફ્રિકાનો સહારા વિસ્તાર છે.

એશિયામાં સૌથી ખરાબ ગ્લૉબલ હંગર ઇન્ડૅક્સમાં ભારત ઉપરાંત અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઉત્તર કોરિયાનો દેખાવ બહુ જ ખરાબ છે. ■